નૂતન

બાળગરબાવળી.

પ્રસિદ્ધ કર્તા

જેકીશનદાસ ત્રિભુવનદાસ પટેલ

"ગુજરાતી" સાહિત્ય મંદિર

સલાબતપુરા અને લીમડાચોક-સુરત

મૂલ્ય ૦-૧-૦.

નૂતન બાળ ગરબાવળી.

"ગુરૂ મહિમા."

મોરી સખી જો વાટિકા રસાળ વિદ્યારસ ઝરણા તો ઝરે
જોઇ રહી એ ભાગ્યનો પ્રભાવ, સુભાગ્ય અમીઝરણા તે
લ્હે—મોરી.

માત, તાત, ગુરુ પ્રતિ પૂજ્યતા દર્શાવવા,
ગુરુ કૃપાએ વરજે સતિ ઇશ્વરી હે શારદા,
જેણે ગ્રહ્યો એ મંત્ર અમુલ્યવાન—સુભાગ્ય—મોરી

સાખી.

વિવિધ વિષયો ગ્રાહીને કરતા જ્ઞાન પ્રચાર
સેવન સુશિલનું કરી, રેલવતા રસ સાર,
હારે બની જે ધૈર્યવાન બાળ—સુભાગ્ય મોરી
વિવેક વિનય ધર્મ ગણી જે પળતી
શાંતિસુખ પામતી જગ બાલિકા અરે હાં શાંતિ
સુખદુઃખ સૌ સરખા માની જગ ચાલવું,
ઉંચ નીચ સંગે સમદ્રષ્ટિએ મ્હાલવું,
એવા વિદ્યા તણા સંસ્કારને,
સેવી ઉજ્વળ કુળ ઉજાળવું અરે હા સેવી—મોરી.

સાખી

અગ્નિ, વારિ, સાથમાં રમવું તો ઘટતું નથી,
સમભાવે રહેના રહી દુઃખ તો પડતું નથી,
દીધો ગુરૂએ મંત્ર અમુલ્યવાન તે, પાળવા ઉર્મીઓ ઉછળે—મોરી

નલિન.

"જ્ઞાન વારિ,"

સજની જઈએ પાણી, શીરપર ઘડુલો ધારી
સજની ભરીએ પાણી, અરસપરસ કર ધારી—સજની०
ધનરૂપી પાણી વાળીને, પરદેશી લોકો લઈ જાતા,
રહ્યુ સહ્યુ કચગણુ પાણી આપણને આવી તે પાતા,
એ દુ ખ દુર કરનારી, ધરીએ અગે ખાદી—સજની

સાખી.

વિશ્વરૂપી આ કુપમા, અખૂટ વારિ જ્ઞાન
ભરતા ના હઠીએ સખી, ગણુતા સૌ ધનભાગ્ય,
આવો આવોને બેની તરસ્યાને માટે, ખુલ્લા મૂકયા કુવા હિંદના,
પાવો, પિવરાવો સ્વદેશ અમી ઘુટડા, પ્રતાપ એ સત વીરના,
વસ્ત્રા પરદેશી સિવાય, પેહેરો ખાદી, આબાદી સદાય,
સજની ખાદીના કુરો ભગાય, ત્યા તો ભારતનો ઉદય
જયકાર—સજની.

નલિન

"સત સભારણા."

હો મોહનજીરે અમને અતિમ માયા લગાડી હિંદવીરા
ભારતીય માતને દિપાવી—હો.
હિંદ નામ ઘટઘટ ગજે, ગુજ્જર ગાંધી વીર,
ઘુમે હિંદ વીરલાખની દિવાના ભડવીર,
દેશના નેતાઓ સત ઘેલાહોજીરે, ઘેલા છે આજ હિંદ હૈયા હોજીરે
હિંદ કાજ દર્દ સહી લીધા હોજીરે, દીધા સુમત્ર હિંદ
બાળને હોજીરે—હો.

સાખી.

આવો સખી આનંદથી, કરીએ અમૃતપાન,
સ્વાતંત્ર્યના મંત્રથી, સોહે હિંદ ઉદ્યાન,
"તન મન, ધન કુરબાન, હિંદ ઉદ્ધારણે,"
વ્હાલા એ સૂત્ર સ્નેહિ મતના અરે હા   વ્હાલા
આપી સ્વદેશી વસ્ત્રા માટે ટેકિયા,
ભારતના ભડવીરોને જગાડીયા,
વીર આત્મ ઓ હિંદ ઉત્થાના કારણે, નિર્ધાર્યુ દઈ રહ્યા તમ
બાલુડા–અરે હા   હિં–હો

"વિશ્વ કુંજ"

વિશાળ વિશ્વ કુંજે આજ ચાલો સાહેલી સાથ,
ભારતીના ગુણગાન ગાઈએ આનંદથી–વિશાળ
સુભાગ્યે મળ્યા આજ અલી આનંદ રંગ રેલવા,
અંતરના વ્હાલે સખી આવ્યા અહીં મ્હાલવા,
હે કુસુમના સુવાસે અતિ મ્હેક મ્હેક મ્હેકતી–ભારતીના–વિશાળ

સાખી

ધર્મ ધુરંધર રામ–કૃષ્ણ એ, હિંદુ ધર્મ અવતાર
પ્રતાપ, નળ, પૃથુ, સમવીરો, ભારતના ઉદ્ધાર
અમીરશા હિંદ ભૂમિ સર્વને દિપાવતી, ફળદ્રુપ પ્રદેશ વડે
અખૂટ ધન તે આપતી,
કઈક લુટી–રે હારે–કઈક લુટી લુટી સત્તાઓ વહી ગઈ,
આજ નંદન વન સમી એ વિશ્વ કુંજ ભારતી.
હે કામદુર્ગા માતૃભૂમિ, ધીર સદા ધારતી–ભારતીના–વિશાળ.

સાખી

પૂણ્ય પ્રદેશી દેશના પૂન્ય પવિત્રજ ધામ,
પ્રયાગ કાશી દ્વારકા, સ્વર્ગસમા એ ધામ
ઉત્તરે ઠારતો ઉર હિમાલય, ભારતી રક્ષક વીર એ યોદ્ધો
દક્ષિણ, પશ્ચિમ, પૂર્વે મહાસાગર સમસમ કરતો એ શૂરવીર જોદ્ધો
ધન ધાન્ય તણા ઢગલા ઢાળે, કલ્પદ્રુપ પ્રફુલ્લ દિશે પ્રદેશો
તારણ હાર એ ભારત દેશને, હિંદબાળ સૌ જયજય બોલો
હે કામદુર્ગા માતૃભૂમિ, વિશ્વવિખ્યાતિની–ભારતીના–વિશાળ.

નલિન

"વીરને વિદાય"

"હાક પડી વીર નર! જાગજો રે સજી શૂરા! હથિયાર
પડો બખ્તરિયા બ્હાર, રણના રણશિંગા વાગિયા—
ઢોલ ત્રાબાળુ ગડગડયા રે કરે શરણાઈ શોર—(૨)
પટા ઝાટકે વીર આવીયા–થયો સિંધુનો શોર–રણના૦
જુઝે છે શૂરમહા જંગમા રે–ખેલે ખાડાના ખેલ (૨)
ધરણીના છેડા ધમકાવતા–લોહી તણી રેલછેલ–રણના૦
તાશેરા તડામાર તોપના રે–ઝીલે ક્ષત્રીના તન (૨)
જાય જન્મભુમિ માટ સ્વર્ગમા, કરી જોધા જગન–રણના૦
જોધા મેવાડી ચોહાણ વળી રે,–કરી કેસરીયા અંગ (૨)
ધડે લડે લઈ શીશ હાથમા, જેણે રાખ્યા છે રંગ–રણના૦'

વીરહાક.

શક્તિદેવી સ્વર્ગથી, દે આશિષ સાક્ષાત,
આત્મબળે જગમા હજો, સ્વતંત્ર ભારતી માત.

વીરહાક સંભળાય, વીર કેસરીઆ થાય,
વાગી હિંદમાં હાક સ્વતંત્રતા તણી
વીરનાદ સંભળાય, રણજંગ શુ રચાય,
ક્ષાત્ર તેજ ઉભરાય, ધ્રુજે ધરણી ધીર પાય-વાગી૦
જન્મભૂમિ કાજ મરે, પરવા ન પ્રાણની,
સ્વાતંત્ર્ય માટે કરે, કુરબાની જાનની
ભારતીનુ ઉર ઉભરાય, જીવન પુલકિત થાય-વાગી.
જનની દે તો ભક્ત દે, કાં તો દે રણશૂર,
નહિ તો દે દાનેશ્વરી, પણ ના ગુમાવીશ નૂર
હિંદ હિત હૈયે ધરતી, સુંદરી સાહેલડી,
આદરે સ્વદેશસેવા હોંસથી અલબેલડી,
ધર્મવીરો ધન્ય ધન્ય વદાય,
ગુણો જેના ગામે ગવાય-વાગી૦

અમૃતરાવ

વસંત

ખીલી વસંત મદભેર જો,
આજ કેવી વન ઉપવન કુંજ ને નિકુંજમાં,
ખીલી લલિત લતા કુંજ જો,
ઘૂમીઘૂમી ભ્રમર કરે ગુંજ પુષ્પપુંજમાં
મધુર મલય પવન વાય
સુરભિ મીઠી શી પ્રસરાય,
લોચનીયા ઢળી ઢળી જાય,
કુદરત છબી નીરખીને

સાખી

કોયલ કુંજ નિકુંજમા, ગાતી મંજુલ ગાન,
ટહુ ટહુ મૃદુ ટૈકારથી, કરે હૃદય ગુલતાન
ઝરણુ મીઠા વહી જાય છે રે, કાઠે નાચે સ્વછંદે મોર,
ઘેરી ઘટામા ગય છે રે, શુક સારિકા ગીત અમોલ
મ્હેકે વસંત સમીરથી રે જોને આજે આવેલો મોર,
રેલી રહી રળીઆમણી રે, કઈ રંગત સૃષ્ટિની ઓર

સાખી

યુવતી કર વીણા ધરી ગાયે ગીત રસાળ,
જાણે વ્યોમથી વરસતી, અમૃતની રસધાર
ઉછળી ઉર લળીલળી જાય,
મનહર લીલા નીરખીને

કસનજી મણિભાઈ દેશાઈ

સ્વરાજનો ગરબો

લઈશુ, લઈશુ, લઈશુ રે, અમે હવે સ્વરાજ લઈશુ
સ્વરાજનો ઝુંડો ફરકાવી મુક્ત ગુલામીથી થઈશુ રે—અમે
વિદેશી વસ્ત્રનુ દહન કરીને, ખાદી અંગે ધરીશુ રે—અમે
મહાસભાની આજ્ઞામા રહીને, કાયદાનો ભંગ કરીશુ રે—અમે
હસતા હસતા જેલમા જઈશુ જેલને મ્હેલજ માનશુરે—અમે
કૃષ્ણ જન્મનુ સ્થાન છે સુંદર, અધિક આત્મબળ ધરીશુરે—અમે
મરતાએ નહિ મારીએ કો’ને અડગ સત્યાગ્રહી રહીશુરે—અમે
સાચી શિખામણ ગાંધીજીની, અવિનાશી ઉર ધરીશુ રે—અમે

હિન્દ જાગૃતિ.

સહુ બેનો આવો, માત ગુણો ગાઓ,
આજ ભેળી મળીને શુભસ્થાનમા,
માત ભક્તિ દિપે દેહ દાનમા.
ભલી સેવા સ્વીકારી, સકળ હિંદને જગાડી.
ગર્જે ગુણવતા ગાધી ગુજરાતના

સાખી

દાસ, લાલ, ને નહેરૂજી, ઘુમે હિંદની માય
આત્મ વિભુતિ તેજથી, દિવ્ય દેહ રોકય
શૌકત મહમદે માતને દીપાવી,
ગુલામી જીંદગી ક્ષાર સમી માની,
જેલ મ્હેલ માની, હિંદીઓને જગાડી,
ત્યાગી ત્યાગી ગુલામી બેડી ત્યાગી. સહુ

સાખી

સ્વય નિર્ણય માગી રહ્યા વિશ્વ વિશે સહુ રાજ્ય,
હિન્દ તણા કર્મે અખી ! રહી એ મોટી આશ
હિન્દ બાળ માત કાજ સેવા સ્વીકારી,
તન, મન ને ધન વડે આહુતિ આપી,
જાત, ભાત, પ્રેમ વડે ભિન્નતાને કાપી,
જાગી, જાગી, હિન્દ પ્રજા જાગી સહુ

ભીખાભાઇ વ્યાસ

રૂડો રૂપાળો રેંટીઓ.

ભારત ભાગ્યોદયમા, રૂડો રૂપાળો રેંટીઓરે, (૨)
મનહર, સુખકર, દુખહર, દયાનીધી એ દેવ

પ્રીતે, પધરાવોને મંદિરમા સૌ માનુની રે
જુનો પુરાણો રેંટીઓ, ફરતો હતો ગ્રહમાંય, (૨)
તજ્યો તેહને જ્યારથી, દુ ખી થયા સૌ કોય, (૨)
તેના પાપે પરદેશીની ગુલામીમા પડયા રે,
કરશે મુક્ત તમોને જીવન પ્રાણાધાર
પ્રિતે પધરાવોને મદિરમા સૌ માનુનીરે ભારત૦
કપાસ ભારત દેશનો, પરદેશી લઇ જાય, (૨)
આપે વીસ કરોડ ને, બાસઠ ઘસડી જાય, (૨)
આવે ખોટ ખરી અહીં, બેતાળીશ કરોડની રે,
એથી દેશ આપણો, બહુ દુર્બળ દેખાય,
પ્રિતે પધરાવોને મદિરમા સૌ માનુનીરે ભારત૦
અન્નપુર્ણા આ દેશનો, રૂડો રેંટીયો સ્હોય, (૨)
ફેરવજો ધરી ટેકને, અધિક આનદ હોય, (૨)
કાંતી હાથ વણેલા વસ્ત્રો અંગે ધારજોરે,
અવિનાશી કે' થાશે, દેશ તણો ઉદ્ધારા,
પ્રિતે પધરાવોને મદિરમા સૌ માનુનીરે—ભારત૦

માતૃભૂમિનું પૂજન

જન્મભૂમિ પૂજવાને જઇએ,
ઓ બ્હેનીઓ જન્મભુમિ પૂજવાને જઇએ.
સ્વર્ગથીય મોઘી આ અમોલી હિન્દ મૈયા
તન-મન-ધન અર્પી ધન્ય થઇએરે—ઓ બ્હેનીઓ.
માજી મગલા અનેરી મારી મદિરે આ
આરતીની જ્યોત લલિત લઇએરે—ઓ બ્હેનીઓ
સત્ય-પ્રેમ-ધર્મ-નીતિને પવિત્રતાના

પુજી-પુષ્પ-ધુપ ધરી જઇએરે—ઓ બ્હેનીઓ.
રમે ચાચરમા સાધુ બાલ-વીરબાલા
માની એ પ્રસાદી વસો હૈયેરે—ઓ બ્હેનીઓ.
ભક્તિની સુવાસ, ત્યાગની મીઠાશ, શીળા
આત્મદાન માતૃપદે ગૃહીએરે—ઓ બ્હેનીઓ.
અરૂણુરગ તેજ માહી માજી મુગટ સ્હોયા
ગગનપાર, હૃદયજ્ઞાન, વહીએરે—ઓ બ્હેનીઓ
ઘટારવ શખનાદ-ઉદય વાદ્ય વાગ્યા
જાગ્રતિનો સ્વાદ બધે દઇએરે—ઓ બ્હેનીઓ.
આવો-માજી મડપમા બાલ વ્હાલ ઘેલા
જીવન સકળ સેવનમા રહીએરે—ઓ બ્હેનીઓ.

રામમોહનરાય જસવંતરાય.

શુભ દિન

સખી શુભ દિન આ સ્નેહથી સાહેલી સગે ખેલીયે રે.
ધરી ધ્યાન તાલમા સ્નેહથી સૌ ગીત રગે રેલીયે રે
કે શો મધુર શીતળ સમીર સુગધિત થઇને વહે
કોકિલ જો મધુરવ કરી કાઇ શુભ શકૂન સૂચવે...શુભ દિન૦
આનદે સુખ સિધુના તરગમા જન ન્હાય,
સ્નેહ સુધા રેલે અહો ઉમગ અગ ન માય
પરસપર પ્રેમ ધરી સપને વધારીએ.
ન્યાત જાત ભેદ તજી ઐક્યતાથી મ્હાલીએ
કુસુપ કલેશ ઝેર વેર, ત્યાગીએ, વિદારીએ,
શુભ દિન૦

અમૃતરાવ.

રેંટીઓ.

રૂડો ઓ બ્હેન, રૂડો રૂડો ઓ બ્હેન—
બ્હેન વ્હાલો અમારો રેંટીઓ,
કાતો ઓ બ્હેન, કાતો કાતો ઓ બ્હેન—
બ્હેન વ્હાલો અમારો રેંટીઓ,
થાકે નહિ થોભે નહિ, સુંદર આપે કામ,
ખાએ નહિ પીએ નહિ, ચક્રસુદર્શન નામ
ભારત દેશ, ભલો ભારત દેશ—દેશ
ચક્ર સુદર્શન રેંટીઓ૦ રૂડો
ખંત અને ધીરજ ધરી, કરવા ઉજ્જવળ દેશ,
ફરશે ઘર ઘર રેંટીઓ, ગાંધીજી આદેશ
દેશ કાજ આહુતિ આત્માની આપો, (૨)
શાંતિ સંયમને અંતરમાં સ્થાપો (૨)
આવ્યો અસહકાર એ (૨)
ભારત વીરલા તે (૨)
ફરશે જે કરથકી, ભારત વીરો એ અરૂણોદયથી આ
રેંટીઓ૦ રૂડો
વૈર અને કુસંપ તજી ધરજો ભ્રાતૃભાવ,
તજી દેશ પરતંત્રના વીરલા સ્વતંત્ર થાવ.
મહાત્મા ઉપદેશ ખરો મહાત્મા ઉપદેશ—ઉપદેશ
સ્વરાજ્ય અપાવશે આ રેંટીઓ રૂડો

સારાભાઇ યાજ્ઞિક

ભારતી યશોગાન.

ગાઓ સખી સહુ ભારતી ગુણગાન,
આજ અતિ અંગના ઉમંગથી

આવો સખી સહુ રેલવીએ રસધાર,
આજ મળી સગમા સુરગથી
નદનવન શી દેશવાડી, નવલ પલ્લવે ભરી,
કુજ કુજ માહી પુષ્પ, પુજ વૃક્ષ વલ્લરી,
હારે ઝરણુ મીઠા કરે સુરગાન,
આજ મળી સગમા સુરગથી
શ્રધ્ધા અને દ્રઢ ભક્તિથી, ધર્મ કર્મ જયા થાય,
ઋષિ મુનિ સતો ગજવતા, ધુનિવેદની જયાય
પુણ્યમયીએ પતીત પાવની માત,
પાપ હરે અતરના દર્શથી
વીર પુત્ર જન્મદાત્રી, ધાત્રી ને સુપાલિકા
સસ્કૃતિ શી ઉચ્ચતમ, સ્થળ સ્થળે પ્રકાશિકા.
અરપ્યા અમુલા સત્ય સનાતન જ્ઞાન,
ઉજાળવા આત્માને અજ્ઞાનથી
ઉપકારો મા તુજ અનત, અમપર થયા નિશક,
સ્વાતત્ર્ય માટે રેડશુ, ઊત્તમ શોણિત અગ
સુભાગ્ય કયાથી દઇએ મોઘા પ્રાણ,
માતૃ સેવા યજ્ઞમા આનદથી

કસનજી મણિભાઈ દેશાઈ

વિદ્યાનો મહિમા.

અજબ બહાર શી બની (૨)
અજબ એની વિશાળ વિદ્યા વાટિકા તણી (૨)
રચી રચના અદ્દભુત મુખે જાય ના કહી (૨) અજબ૦
ભિન્ન ભિન્ન સતીયો તણા, સદ્દવર્તન સાક્ષાત,

ઝળકે જ્યોત સમા જગે, અવિચળ વિશ્વ વિખ્યાત
ગુણ સર્વના સુમન ગણી, વીણશુ સખી
સગુણ માળ કંઠે ધારીશુ, હૃદયથી સખી—રચી૦
લાલ બાલ ને પાલ જગે પ્રગટયા ગાંધી વીર,
એજ સુવાસે હિંદના, સુશિક્ષિત શૂરવીર
સજની વિદ્યા વિલાસી પીવા આવજોરે
સ્વદેશના અમી ઘુંટડા,
સજની ગૃહિણી ધર્મ પ્રીત પાળજો રે
ભારત ઉધ્ધારે પ્રાણ અર્પવા,
એવી વાટિકાની બ્હાર મુખે જાય ના કહી—અજબ૦

(નલિન)

સ્વદેશી વ્રત

જોને સખી હિંદનો ઉદ્ધારનાર
કેવો દીસે સુદર્શન રેંટીઓ
જોને સખી દીનનો તારણહાર
કેવો દીસે સુદર્શન રેંટીઓ

સાખી

યદુકુળ તીલક કૃષ્ણનુ, એક હતુ સુદર્શન ચક્ર,
બીજું બનાવ્યુ ગાંધીએ, સ્વરાજ્ય સુદર્શન ચક્ર
આવો સહિયર મળીને આજ,
લઇએ વ્રત સ્વદેશીનુ રે
કરો વિદેશી વસ્ત્રનો ત્યાગ,
લઇએ વ્રત સ્વદેશીનુ રે
ગણીને બેનો મહાસભાનુ ફરમાન
પ્રીતેથી કરો ખાદી પ્રચારનુ કામ—આવો૦

સાખી

ધન્ય ગાંધી ગુણવાન તુ, નવજીવનામૃત પાય,
સ્વરાજ મંત્ર શીખવાડતો, અહિંસાત્મક ઉપાય
બેનો જેને સ્વદેશાભિમાન,
તેના જગતમા ગવાયે ગાન,
પામે દૈવી સન્માન,
મળે સ્વર્ગમા ઉંચુ સ્થાન—આવો૦

સાખી

સકળ હિંદની ગૃહિણીઓ, સેવે સ્વદેશી વ્રત,
ફેરવે ઘર ઘર રેંટીઓ, મળે સ્વરાજ્ય તુરત
બેને સખી૦

અમૃતરાવ.

ગુર્જરી સ્તવન.

શાણી સજની, સુંદર રજની, રંગભર ખીલીરે
આવો સહુ ગુર્જરી ગુણ ગાઇએ
જનની સ્વર્ગ શી રસાળી સોહાયે
ઉજળી પુણ્યભૂમિ કૃષ્ણ ધામથી એ રૂડી
રઢિઆળી —રે શાણી૦

સાખી

હિંદ માતની લાડિલી, રસિક ગુર્જરી બાળ,
યશજ્યોતિ ઉજ્જ્વળ અતિ, લક્ષ્મી વસે સહુકાળ
રસકસથી ભરપૂર રહ્યા ખીલી,
સુંદર ખેતર શોભિત સારા,
ફળ ફુલથી વેલી વૃક્ષ રહ્યા ઝૂલી,
કુંજ નિકુંજે પુષ્પ રસાળા,

સુંદર કંઠથી ગાય પંખેરૂ શા કોયલ
બુલબુલ ગીત મધુરા,
સર સરિતા અમીપાન રહ્યા દઇ,
સાગર અર્પંતો મોતી અમુલા—રે૦

સાખી

કાવ્ય કુંજ કવિવર તણી, વીરક્ષેત્ર વિખ્યાત,
દયાનંદ વીર ગાંધીજી, જન્મ્યા જગ પ્રખ્યાત
જય મંગળ પ્રિય માત ડિંગત ગજાવવા ઘુમતા,
સુપુત્ર જો તજી સ્વાર્થને
હિંદુ, મુસલ્મીન પારસી ઐકયે મ્હાલતા,
ધ્વજ કીર્તિનો ફરકાવા તન ધન ત્યાગતા.
સખી પ્રીતે અર્પણ કરીએ સ્વજાતરે જનની
સેવનમા આનંદથી—રે શાણી૦

કેસનજી મણિભાઇ દેશાઈ

દશ અવતાર.

શ્રી હરિરે લોલ, પ્હેલો તે અવતાર કયા ધર્યો રે
મચ્છ તણો અવતાર મ્હારા વ્હાલારે
મચ્છે શંખાસુર મારીયોરે, વળ્યા બ્રહ્માના વેદ ચાર.
મારા વ્હાલારે,
જગપતિ કાન કેરૂ ઝુમણું રે લોલ,—શ્રી હરિરે લોલ.
બીજો તે અવતાર કયા ધર્યોરે
કચ્છ તણો અવતાર, મારા વ્હાલા રે
કાઢયા છે ચૌદે રત્ન, મારા વ્હાલારે,
જગપતિ કાન કેરૂ ઝુમણુ રે લોલ

સાખી

વારહ થઈ હિર્ણાક્ષનો કર્યો હરિ સહાર,
ઉગાર્યો પ્રહલાદને ધરી નૃસિંહ અવતાર
ધર્યું પચમ વામન રૂપરે, હરિ છળવાને બળિને,
ભર્યું ત્રિભુવન, ત્રિડગ માંહીરે ચાપ્યો પાતાળે બળિને
પરશુ ધરી, શસ્ત્રાઅર્જુન ને માર્યો,
પાપી ગર્વિષ્ટનો ગર્વ ઉતાર્યો,
કીધી નિક્ષત્રી ભૂમિ નાથરે, તાત વૈરથી બળિને

સાખી

રાવણ હણી લાવ્યા સીતા, જન્મી રઘુકુળરામ,
અધર્મોદ્ધારણ કૃષ્ણ થઈ, કર્યા ભક્તના કામ
બુદ્ધાવતાર પ્રભુ રહ્યા ધરી, સ્નેહ લાવોને,
ભય હરશે કલકી અવતરી, ગોવીંદ ગુણ ગાવોને
એવા ચરિત્ર નારાયણના, સ્નેહ લાવોને,
સમજીને નરનારી , ગોવીંદ ગુણ ગાવોને,
એ . શ્રી હરિ રે લોલ

ભારતીય માતાને સાન્ત્વના

આમ કા વિલાય સખી હા છોડી દે તુ આશના.
કૃષ્ણ કાળ જો ડિપાવે હા કિરણો પ્રભાતના

સાખી } કુસુમ કુંજે જો ખીલ્યા, ઉર ભરીયા રસપૂંજ
સુરભી શુભ પ્રસરાવતો, રસઘેલો વીર ભૃંગ.

રંગ જો સુહાય સખી
પ્રાણ પ્રફુલ થાય અતિ
હા... . સ્ફુરે જો સુવાસના.

સાખી } ભ્રમર જાળ કટકે ફસ્યો કરતા મિષ્ટ ગુંજાર
પાખો મે શુ દ્રઢ દિસે, આખરના શા ભાર
ખીર ઉર ધાર સખી,
કરશે એ ઉદ્ધાર નકી,
હા ગાતુ ગીત ઉલ્લાસના—આમકા

પંડિત.

ગુજર ગાન

ગરવી ગુરજર ગાન ગગને ગજાવતી ગુજરાત
મીઠા અમીરસ પાન કરતી નદનવન ગુજરાત
સાખી—અમી ઝરણા ઝરતા સખી રત્ન ભર્યા ગુજરાત
રાખે રક શ્રીમતને, પુન્યભૂમિ ગુજરાત
સત મહત અનત વિરોની
અગ ઉમગ સુસપ ધીરોની
સુદર ઉપવનના રસ ફૂલડા
ખીલ્યા ખીલવે બાળ કુસુમડા
શણગાળા જળહળ કીર્તિએ ધ્યાન લિલીન
ગુજરાત ગરવી.
સાખી—રોમ ગ્રીસથી છે જુના, કુરૂ પાડવ પ્રાચીન
સોમનાથ ને દ્વારિકા, યુગ યુગ ધ્યાન વિલીન.
પ્રભુ આપણો એક પિતા છે
જન્મભુમી ગુર્જર માતા છે
ગાધીજી નિષ્કામ ગીતા છે
પરદુખ ભજન એજ પિતા છે.
નવજીવન મેળવવા કાજે ઘેલી થઈ
ગુજરાત ગરવી

તનસુખ.

પૂર્વજોના પુન્યે.

ભવ્ય ભારતી માત અમારી બ્રહ્મવેદી અમ ભરત ભુમિ.
વદન કોટી કોડ કરીને તારાં ચરણ સરોજ ચૂમી .
દમયંતી, સીતા, સાવીત્રી, અરૂધતી તારા ય સતી,
યુગ યુગ કીર્તિ ગાઇ કુલવતી.
કુલવધુ કર્મ કૃતાર્થ કરી . પુન્યભૂમિ...ભવ્ય
નિરમળ નદીઓ લલિત લાસ્યથી કલરવ કરી મૃદુ,
હાસ્યથી વિલાસતી બતાવો કોઈ . (૨)
હીમાલય પાડ સમા, સ્વર્ગથીય આભ ઉંચા,
જાય ઠગી લોચનીયા, જોઈ જોઇ (૨)
સાખી—ભારત રામાયણ કવી, ભવભૂતીને ભારવી,
તુલસી પ્રેમાનદ ત્રિપાઠી નવલ આધુ કવિ
દીવ્ય લાડની માત શારદા પાસ આપણી ભરતભૂમિ
અમર કવીની કાવ્ય કુજએ માન માવડી જન્મભુમિ
ભિષ્મ ભીમને અર્જુન વીરા, અભિમન્યુ કુરૂક્ષેત્રઘૂમી
ભરતભુમિ
તપવનમા સુર મુનીવર અખૂટ જ્યાં ઉપહાર નવીન,
વશિષ્ટ વિશ્વામિત્ર રૂષિવર
બ્રહ્મ તપે તપતિ તપતિ. ભરતભૂમિ .. ભવ્ય.

તનસુખ

મુદ્રક —ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક.
મુદ્રણાલય—શ્રી 'અનાવિલ બંધુ' પ્રીન્ટીંગ પ્રેસ,
બરહાનપુરી ભાગળ, ભાજીવાળી પોળ, સુરત.